GJPM130006632025

Presented on : 01-08-2025
Registered on : 01-08-2025
Decided on : 07-05-2026
Duration : 0 years, 9 months, 6 days

**મે.ગોધરા ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ, મુ.ગોધરા.**

**રેફરન્સ ટી.નં.૧૧૯/૨૦૨૫**

**આંક–૦૫**

**પ્રથમ પક્ષકાર : –** (૧) અધિક્ષક ઈજનેરશ્રી,
પાનમ યોજના વર્તુળ,
ગોધરા કલેકટર કચેરી પાછળ,
ગોધરા,જી.પંચમહાલ.

(૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
ભાદર નહેર વિતરણ પેટા વિભાગ,લુણાવાડા,
તા.લુણાવાડા,જી.મહીસાગર.

**– :: વિરુઘ્ઘ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી દીલીપભાઈ નાનાભાઈ વાદી
મુ.અનુપુર,નાના રાજનપુર,તા.કડાણા,
જી.મહીસાગર.
C/O ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન,
સર્વોદય સોસાયટી કોર્ટ સામે,
મુ.પો.તા.કાલોલ, જી.પંચમહાલ.

**વિષય :–  ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦ (૧) હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકારો તરફે :– કોઈ હાજર થયેલ નથી.

બીજા પક્ષકાર તરફે :– કોઈ હાજર થયેલ નથી.

**– :: એવોર્ડ ::–**

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરાએ **તા.૩૦/૦૭/૨૦૨૫** થી શ્રમ અદાલત, ગોધરાને તેમના હુકમ નંબર કે. એચ./એસ. એચ. એમ. સી./ગો./**૫૩૪૬** થી અત્રેની મજુર અદાલત ગોધરાને ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

**શ્રી દીલીપભાઈ નાનાભાઈ વાદી**ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) આ કામે ઉપરોકત વિગતે રેફરન્સ થઈ આવતા હાલનું કામ બીજા પક્ષકારના માંગણા નિવેદન રજુ કરવા પર રહેલ. બીજા પક્ષકારનો રેફરન્સ આવ્યા બાદ બીજા પક્ષકારને નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે તેમ છતાં આ કામના બીજા પક્ષકાર હાજર રહેલ નથી. જયારે હાલનું કામ બીજા પક્ષકારના માંગણા નિવેદન રજુ કરવા પર રહેલ. બીજા પક્ષકારને માંગણા નિવેદન રજુ કરવા માટે મુદત આપવા છતાં હાજર રહેલ નહી કે માંગણાનું નિવેદન રજુ કરેલ નહી.

(3) આ કામે બીજા પક્ષકારને પુરતી તકો આપવા છતા માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારના માંગણાના નિવેદનના

અભાવે હાલનો કેસ પેન્ડીંગ હોઈ, હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવી નિરર્થક જણાય છે. આ કામ **સને–૨૦૨૫** થી પેન્ડીંગ હોવા છતાં બીજા પક્ષકાર હાજર થયેલ નથી કે કામ આગળ ચલાવવા પ્રયત્ન કરતા નથી કે માંગણીનું નિવેદન રજુ કરતા નથી કે પોતાનો કેસ પુરવાર કરવા આજ દિન સુધી કોઈ પુરાવો રજુ કરેલ નથી કે રજુ કરવા પ્રયત્ન કરેલ નથી. એટલુ જ નહી મદદનીશ મજુર કમિશનર સમક્ષનાં મજુર કમીશનરશ્રી ધ્વારા હાલના કેસમાં મોકલાવેલ પેપર્સ જોતાં ત્યાં પણ બીજા પક્ષકારે તેમના કેસના સમર્થનમાં હકીકતો પુરવાર કરતા હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય તેમ જણાતું નથી. આમ, બીજા પક્ષકાર પોતાની હકીકતો સાબીત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. તે સંજોગોમાં ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) હાલના બીજા પક્ષકારનો રેફરન્સ ગેરહાજરી તથા માંગણા નિવેદનના અભાવે તથા પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ : ૦૭/૦૫/૨૦૨૬**

**સ્થળ : ગોધરા.**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**

**Code: GJ 01461**

**પ્રિસાઈડીંગ ઓફીસર**

**મજુર અદાલત, ગોધરા.**